# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૨ તા.૧૩-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રજ્ઞા જૂના શિક્ષકોની બ્લોક કક્ષાની ઓરીએન્ટેશન તાલીમ જુલાઈ માસમાં યોજવાની થાય છે. તો જુના પ્રજ્ઞા શિક્ષકોએ ઓરીએન્ટેશન તાલીમ માટે નીચે જણાવેલ સ્થળે, સમયે ૪ દિવસીય તાલીમ માટે ફરજિયાત હાજર રહેવાનું રહેશે.

- બેચ-૧ તા.૧૫/૧૬/૧૭ અને ૨૦ જુલાઈ-૨૦૧૫ - ૪ દિવસ
- બેચ-૨ તા.૨૧/૨૨/૨૩ અને ૨૪ જુલાઈ-૨૦૧૫ - ૪ દિવસ
- બેચ-૩ તા.૨૫ અને ૨૭/૨૮/૨૯ જુલાઈ-૨૦૧૫ - ૪ દિવસ

તાલીમ સ્થળ :- ઉત્તર ઝોન - સરસપુર શા.નં.૧૧
દક્ષિણ ઝોન - કાંકરિયા શા.નં.૮
પૂર્વ ઝોન - ખોખરા શા.નં.૧૨
પશ્ચિમ ઝોન - એલિસબ્રીજ શા.નં.૨ / ૨૪

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષણ કાર્ય અટકે નહી તે માટે પ્રજ્ઞા શાળામાંથી તાલીમના ત્રણેય તબક્કામાં શિક્ષકોને વહેંચી દેવા એટલે કે એક બેચમાં એક શાળામાંથી કુલ પ્રજ્ઞા શિક્ષકો પૈકી ત્રીજા ભાગના શિક્ષકો ઉપસ્થિત રહે તેવું આયોજન મુખ્ય શિક્ષકે કરવું.

- તાલીમનો સમય : ૭-૦૦ થી ૧૨-૩૦ દરમ્યાનનો રહેશે.
- તાલીમ દરમ્યાન તાલીમાર્થીએ સ્વચ્છતા સબંધી મોડયુલ સાથે રાખવાનું રહેશે.
- તાલીમ દરમ્યાન અગાઉનો પરિપત્ર નં.૧૬ મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

તા.૧૩-૭-૧૫ ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૪૩ તા.૧૩-૭-૧૫

ફકત મ્યુનિ. ઉર્દૂ તથા ઝોનલ શાળાઓ માટે જ :-

આથી તમામ ઉર્દૂ માધ્યમની તથા ઝોનલ શાળાઓને જણાવવાનું કે ચાંદમાં ફેરફારને લીધે રમઝાન ઈદની રજા તા.૧૮-૭-૧૫ને શનિવારના રોજ જાહેર કરવામાં આવેલ છે. તેના અનુસંધાને તા.૨૦-૭-૧૫ને સોમવારના રોજ ફકત ઉર્દૂ માધ્યમની તથા ઝોનલ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવે છે. તેના બદલે તા.૨૩-૧૦-૧૫ને શુક્રવારની રજા કેન્સલ કરવામાં આવે છે અને તે દિવસે ઉર્દૂ માધ્યમની શાળાઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવશે.

તા.૧૩-૭-૧૫ ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી